તા. ૨૧/૯/૨૦ - શનિવાર - નોબત

(૩૬)

નિષ્ણાત વક્તા જીગરભાઈ શાહની ખાસ ઉપસ્થિતિમાં

# જામનગર ચેમ્બરમાં 'સબકા વિશ્વાસ યોજના' અંગે માર્ગદર્શન સેમિનાર



જામનગર તા. ૨૧: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી કોમર્શિયલ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસિએશન, જામનગર તથા ઈન્કમટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસિએશન, જામનગરના સંયુક્ત ઉપક્રમે સરકારશ્રીની સબકા વિશ્વાસ લેગાસી ડીસ્પ્યુટ રીઝોલ્યુશન સ્કીમ ૨૦૧૯ તથા વેટ સમાધાન યોજના-૨૦૧૯ અંગે એક માર્ગદર્શન સેમિનાર તા. ૧૪.૯.૨૦૧૯ ના જામનગર ચેમ્બરમાં યોજવામાં આવ્યો હતો.

આ સેમિનાર સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી તુલસીભાઈ વી. ગજેરાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ બેઠકની શરૂઆતમાં સવાગત કરતા તેઓએ જણાવેલ કે, જામનગર ચેમ્બર તથા સાથી એસો. સાથે મળી સભ્યશ્રીઓને માર્ગદર્શન મળી રહે તે માટે આવા માર્ગદર્શક કાર્યક્રમ યોજે છે જે મુજબ સરકારશ્રીએ જાહેર કરેલી અનેક સ્કીમોના માર્ગદર્શન મળીરહે તે માટે કાર્યક્રમનું આયોજન છે. વધુમાં જણાવેલ કે, અમદાવાદથી પધારેલ ખાસ નિષ્ણાત વક્તા જીગરભાઈ શાહ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા સરળ ભાષામાં સમજણ અને માર્ગદર્શન આપવામાં આવશે તો ચેમ્બરના સર્વે સભ્યશ્રીઓને ખૂબ જ ઉપયોગી નિવડશે. ત્યારપછી ઉપસ્થિત નિષ્ણાત વક્તા જીગરભાઈ શાહને ચેમ્બરના પૂર્વ પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરા, ઈન્કમટેક્સ પ્રેક્ટીશનર્સ એસો.ના પ્રમુખ સંજીવભાઈ બુદ્ધ તથા ધી કોમર્શિયલ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસો., જામનગરના ઉપપ્રમુખ રવિન્દ્રભાઈ માણેક તથા સંસ્થાની કસ્ટમ અને સીજીએસટી પેનલના ચેરમેન ભરતભાઈ ઓઝાએ પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતાં અને ઉપસ્થિત પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરા, માનદ્‌મંત્રી અક્ષતભાઈ વ્યાસ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ જીગરભાઈ શાહને મોમેન્ટો અર્પણ કર્યો હતો. વક્તા જીગરભાઈ શાહનો પરિચય ચેરમેન ભરતભાઈ ઓઝાએ આપ્યો હતો.

સેમિનારના વક્તા જીગરભાઈ શાહે સરકારશ્રીની સબકા વિશ્વાસ યોજના (લેગાસી ડીસ્પ્યુટ રીઝોલ્યુશન) અંગેની વિવિધ જોગવાઈઓ ખાસ કરીને સેન્ટ્રલ એક્સાઈઝ, સર્વિસ ટેક્સના ખાસ કેઈસો વિગેરે ખાસ પડતર કેસોમાં વેપારીઓને શું ફાયદા થઈ શકે છે તેની છણાવટ કરી હતી. આ સ્કીમને વધુ ઉપયોગ કેવી રીતે બનાવાય તે બાબત પણ ચર્ચા થઈ હતી. વક્તાશ્રીએ વ્યાજ, પેનલ્ટી અને પ્રોસિક્યુશનમાં રાહત બાબત પણ સમજાવેલ તથા પ્રશ્નોત્તરી દ્વારા અનેક વિષયો ઉપર સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું.

વક્તા જીગરભાઈ શાહે વેટ સમાધાન યોજનાની આંટીઘૂંટીઓ સમજાવી કહ્યું હતું કે, વેટની આ સ્કીમ કેન્દ્ર સરકારશ્રીની સ્કીમ જેટલી અસરકારક સાબિત થાય તેની સંભાવનાઓ ઓછી છે. રાજ્યના કરવેરાઓ માટે પણ સરકારશ્રી દ્વારા વધુ સારી સ્કીમની અપેક્ષાઓ વેપારીઓએ રાખેલ હતી.

સમગ્ર સેમિનારનું સંચાલન સંસ્થાના માનદ્‌મંત્રી અક્ષતભાઈ વ્યાસે કર્યુ હતું. આભારદર્શન ધી કોમર્શિયલ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસો.ના ઉપપ્રમુખ રવિન્દ્રભાઈ માણેકે કર્યું હતું. સેમિનારમાં ચેમ્બરના કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, વિવિધ એસો.ના પ્રતિનિધિઓ, વેપારી તથા ઉદ્યોગકારો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તથા ટેક્સ પ્રેક્ટીશનરો બહોળી સંખ્યામાં સેમિનારમાં ઉપસ્થિત રહી તેમના પ્રશ્નો રજૂ કરી જીગરભાઈ શાહ પાસેથી માર્ગદર્શન મેળવેલ હતું.